છઠ્ઠા પગાર પંચ અન્વયે મળવાપાત્ર પગાર તફાવતના પહેલા હપ્તાની ૨૦% રકમ પગાર બાંધણીની ચકાસણી વગર કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૦૯- ૨૫ -પગાર એકમ(મ)
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૮[મી] જાન્યુઆરી, ૨૦૧૦

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગના તા.૧૨-૨-૨૦૦૯નો ઠરાવ
ક્ર: પગર- ૧૦૦૯- ૧ -પગાર એકમ(મ)
(૨) નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯નો ઠરાવ
ક્ર: પગર- ૧૦૦૯- ૩ -પગાર એકમ(મ)
(૩) નાણા વિભાગના તા.૧૭-૬-૨૦૦૯નો પરિપત્ર
ક્ર: પગર- ૧૦૦૯- ૨૧ -પગાર એકમ(મ)

પરિપત્ર

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રિય છઠ્ઠા પગાર પંચની ભલામણોનો મહદ અંશે સ્વીકાર કરીને રાજ્યના કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ હેઠળ તા.૧-૧-૨૦૦૬થી પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯ના ઠરાવથી કર્મચારીઓને તા.૧-૧-૨૦૦૬થી તા.૩૧-૩-૨૦૦૯ સુધીના સમયગાળાની મળવાપાત્ર પગાર તફાવતની રકમ પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી બાદ, દર વર્ષે ૨૦% પ્રમાણે પાંચ સરખા વાર્ષિક હપ્તામાં કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં પાંચ વર્ષના લોક ઈન પીરીયડ સાથે જમા કરાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. તે અનુસાર નણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં પગાર તફાવતનો પ્રથમ હપ્તો કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાનો થાય છે. તે અન્વયે કર્મચારીઓને નાંણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં ચુકવવાપાત્ર પ્રથમ હપ્તાની(૨૦%)રકમ, પગાર બાંધણીની ચકાસણી થયેથી ચુકવાયેલ રકમમાં વધઘટ જણાય તો તે રકમ બીજા હપ્તાની ચુકવણી વખતે સરભર કરવાની શરતે, પગાર બાંધણીની ચકાસણી વગર, કર્મચારીના ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

પાછળ..

આ નિર્ણય સંદર્ભે સર્વે કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરી કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં તફાવતની રકમના ૨૦% રકમનો પ્રથમ હપ્તો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં જમા કરાવવાની તથા પગાર બાંધણીની ચકાસણી થયેથી ચુકવાયેલ રકમમાં વધઘટ જણાય તો તે બીજા હપ્તાની ચુકવણી વખતે સરભર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.બી. દરજી)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ/રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે કચેરીના વડાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
સર્વે માન્ય કર્મચારી મંડળો/ગુજરાત પેન્શનર સમાજ/પેન્શનર મંડળો
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
નાણા વિભાગ- મ, ચ, પેન્શન અને ઝ શાખા
પસંદગી ફાઈલ

---

* પત્ર દ્વારા